### વિજય સરઘસમાં બંદૂક ફરકાવવી ભારે પડી: સાંસદ જશુ રાઠવા સહિત ત્રણ સામે ગુનો નોંધાયો

## ઉત્સાહના અતિરેકમાં કાયદાનું ભાન ન રહ્યું', સાંસદ જશુ રાઠવાએ ભૂલ સ્વીકારી

**વાયરલ** વીડિયો બાદ પોલીસની કાર્યવાહી, હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28

છોટાઉદેપુર તાલુકા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી બાદ નીકળેલા વિજય સરઘસ દરમિયાન હાથમાં બંદૂક લઈને નાચવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ છોટાઉદેપુર લોકસભાના સાંસદ જશુ રાઠવા, તેમના પુત્ર સંગ્રામસિંહ રાઠવા તથા તાલુકા પંચાયત પ્રમુખ રમેશ રાઠવા સામે હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં જી.પી. એક્ટની કલમ 135 હેઠળ નોંધાયેલા ગુનાની કાર્યવાહી બાદ સમગ્ર મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. પોલીસ નોંધ મુજબ, તા. 23 મેના રોજ તાલુકા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો વિજેતા જાહેર થતાં વિજય સરઘસ યોજાયો હતો.



આ દરમિયાન આરોપીઓ હાથમાં બંદૂક લઈને ડીજેના તાલે નાચતા જોવા મળ્યા હતા, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

મામલે પ્રતિક્રિયા આપતા સાંસદ જશુ રાઠવાએ જણાવ્યું હતું કે ઉત્સાહના અતિરેકમાં કાયદાનું ભાન રહ્યું નહોતું. તેમણે સ્પષ્ટતા કરી હતી કે બંદૂક માત્ર હાથમાં પકડી હતી, તેને ચલાવવાનો કોઈ ઈરાદો નહોતો. તેમણે વધુમાં જણાવ્યું કે આદિવાસી સમાજમાં પરંપરાગત રીતે તીર-કામઠા જેવા હથિયારો ધારણ કરવાની પ્રથા પણ જોવા મળે છે.

વાયરલ વીડિયો અને જાહેર વિરોધને ધ્યાને લઈ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

### વનવાસી નહીં અમે આદિવાસી ના પોસ્ટર સાથે વિરોધ કરાયો

## કોંગ્રેસ કાર્યકરો દ્વારા ગૃહમંત્રી અમિત શાહના પૂતળાનું દહન કરાયું

**આદિવાસી** સમાજને વનવાસી તરીકે સંબોધતા દેશના ગૃહમંત્રી અમિત શાહનો વિરોધ માં કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.29

આજરોજ છોટાઉદેપુર નગરનાં માણેક ચોક ખાતે કોંગ્રેસ ના આગેવાનો સહિત કાર્યકરો એ અમિત શાહ ના નિવેદન નો વિરોધ કરી ગૃહમંત્રી ના પૂતળાનું દહન કર્યું હતું. અને આ અંગે જિલ્લા કલેક્ટર ને આવેદન પાઠવવા સહિત ના



ગામડે ગામડે જઈ વિરોધ પ્રદર્શન કરવા ની હાકલ કરી હતી. કોંગ્રેસ આગેવાને જણાવ્યું હતું કે

દિલ્હીમાં યોજાયેલા જનજાતિ સુરક્ષા મંચના કાર્યક્રમમાં આદિવાસી સમાજને "વનવાસી" તરીકે સંબોધવામાં આવ્યો હતો, જે આદિવાસી સમાજની ઓળખ, સન્માન અને અસ્તિત્વ પર સીધો હુમલો છે. દેશનો આદિવાસી સમાજ પોતાની આગવી પરંપરા, ઈતિહાસ, ભાષા, સંસ્કૃતિ અને જીવનપદ્ધતિ ધરાવે છે. તેથી તેમની ઓળખ સાથે ચેડાં કરનાર શબ્દોનો ઉપયોગ ક્યારેય સ્વીકાર્ય નથી.

આદિવાસી સમાજ અને દેશની વિવિધતામાં વિશ્વાસ રાખનાર દરેક વ્યક્તિ માટે આ અત્યંત દુ:ખદ અને અપમાનજનક બાબત છે. આ અન્યાય અને અપમાનના વિરોધમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા આજરોજ છોટાઉદેપુર નગરમાં ગૃહમંત્રી અમિત શાહ ના નિવેદન અંગે વનવાસી નહીં અમે આદિવાસી ના પોસ્ટર સાથે વિરોધ કરી ગૃહમંત્રી અમિત શાહ ના પૂતળાનું દહન કર્યું હતું.

### ચોમાસા પહેલા કરજણનો નવો રોડ બિસ્માર

## કરજણ-સાંપા ગામમાં કરોડોના ખર્ચે બનેલો નવો રોડ એક જ મહિનામાં તૂટવા લાગ્યો

(પ્રતિનિધિ) કરજણ, તા.29

કરજણ તાલુકાના છેવાડે આવેલા સાંપા ગામમાં તાજેતરમાં જ કરોડોના ખર્ચે નવનિર્મિત થયેલા ડામર રોડની ગુણવત્તા પર સવાલો ઉભા થયા છે. એક મહિના પૂર્વે જ પૂર્ણ થયેલા આ માર્ગનું નિર્માણ મજબૂતીકરણ સાથે થયું હોવા છતાં, સાઈડ સોલ્ડરિંગના અભાવે તે કિનારીઓ પરથી તૂટવા માંડ્યો છે, જે સ્થાનિકો માટે ચિંતાનો વિષય બન્યો છે.

સાંપા ગામને ચોરભુજ અને વાસણા ગામ સાથે જોડતા આ બંને માર્ગો અગાઉ અત્યંત જર્જરિત હાલતમાં હતા. માર્ગો પર ખાડાઓનું સામ્રાજ્ય એટલું વ્યાપક હતું કે સાંપા-વાસણા



બસ રૂટ પણ બંધ કરવાની ફરજ પડી હતી. સ્થાનિકો દ્વારા વારંવાર માર્ગના રિસરફેસિંગ માટે રજૂઆતો કરવામાં આવતી હતી, જેને ધ્યાનમાં લઈને આખરે આ માર્ગોનું નવીનીકરણ કરવામાં આવ્યું.

નવા માર્ગો બન્યા બાદ સ્થાનિકોમાં આનંદની લાગણી હતી, અને સાંપા-વાસણા બસ સેવા પણ ફરી શરૂ થઈ હતી. પરંતુ, આ આનંદ લાંબો ટક્યો નહીં. માર્ગ નિર્માણના એક મહિનાની અંદર જ તેની કિનારીઓ પરથી તૂટવાની શરૂઆત થઈ ગઈ છે. આનું મુખ્ય કારણ સાઈડ સોલ્ડરિંગનો અભાવ છે. માર્ગની બંને બાજુએ માટીનું સોલ્ડરિંગ ન કરવામાં આવતા, માર્ગની કિનારીઓ ખુલ્લી રહી ગઈ છે અને તેના પર દબાણ આવતા તે તૂટી રહી છે.

સ્થાનિકો દ્વારા વ્યક્ત કરાયેલી ચિંતાઓ મુજબ, માર્ગ ઊંચો હોવાથી ખેતરોમાં કામ અર્થે જતા વાહનો જ્યારે માર્ગ પરથી નીચે ઉતરે છે, ત્યારે તે કિનારીઓ પર દબાણ લાવે છે અને તેને કારણે માર્ગ તૂટી રહ્યો છે. જે પણ માર્ગના ભંગાણનું કારણ બની રહ્યું છે.

### નવરચિત બોડેલી નગરપાલિકાનું પ્રથમ વિકાસ કાર્ય શરૂ

## બોડેલીમાં રૂ. ૫૯.૬૭ લાખના સ્ટ્રીટ લાઈટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ) બોડેલી, તા.29

છોટાઉદેપુર જિલ્લાની નવરચિત બોડેલી નગરપાલિકા દ્વારા તેના પ્રથમ વિકાસ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. સંખેડાના ધારાસભ્ય અભેસિંહભાઈ તડવીના હસ્તે રૂ. 59,67,350ના ખર્ચે સ્ટ્રીટ લાઈટ પ્રોજેક્ટનો પ્રારંભ કરાયો હતો.

આ પ્રોજેક્ટ અંતર્ગત બોડેલી સેવાસદનથી સર્કિટ હાઉસ સુધી 350 મીટર, બાપુનગર પાણીની ટાંકીથી બોડેલી નગરપાલિકા સુધી 600 મીટર અને બોડેલી પોલીસ સ્ટેશનથી ગરબી ચોક સુધી 600 મીટરના મુખ્ય માર્ગો પર સ્ટ્રીટ લાઈટો લગાવવામાં આવશે.

બોડેલી સેવાસદન પાસે શાસ્ત્રોક્ત વિધિ સાથે યોજાયેલા



આ ખાતમુહૂર્ત પ્રસંગે બોડેલી નગરપાલિકાના ઉપપ્રમુખ પદ્માબેન વિજયભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ જીગ્નેશ ચોકસી, દંડક પાર્થ સોની, શાસક પક્ષના નેતા મહેશ બારીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત, નગરપાલિકાના સદસ્યો યશપાલસિંહ ઠાકોર, જીગ્નેશ અગ્રવાલ સહિત અન્ય સદસ્યો, ચીફ ઓફિસર ભાવિક બરજોડ, મામલતદાર હિતેન્દ્રસિંહ ગોહિલ અને મોટી સંખ્યામાં નગરજનો પણ હાજર રહ્યા હતા.

### રાજકીય અદાવતમાં ગરીબોના ઘર તોડવાનો પ્રયાસ

## કરજણ: ધનોરા ગામમાં જૂના સરકારી આવાસો તોડવાની હિલચાલ સામે આક્રોશ

(પ્રતિનિધિ) કરજણ, તા.29

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં આવેલું ધનોરા ગામ હાલ એક ગંભીર સંકટનો સામનો કરી રહ્યું છે. છેલ્લા ચારથી પાંચ દાયકાથી વિવિધ આવાસ યોજનાઓ હેઠળ મળેલા મકાનોમાં વસવાટ કરતા ગરીબ પરિવારો પર તેમના આશ્રયસ્થાનો ગુમાવવાનો ભય તોળાઈ રહ્યો છે. ગામ પંચાયત દ્વારા આ મકાનો તોડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોવાના અહેવાલોએ સ્થાનિક નાગરિકોમાં ભારે ચિંતા અને અસુરક્ષાનો માહોલ સર્જ્યો છે. આ પરિવારોએ પ્રાંત અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરીને આ કાર્યવાહી તાત્કાલિક રોકવાની અને તેમને ન્યાય આપવાની માંગ કરી છે.

આ રજૂઆતમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, આ પરિવારો વર્ષોથી તેમના મકાનોમાં શાંતિપૂર્ણ રીતે જીવન ગુજારી રહ્યા છે. આશ્ચર્યજનક રીતે, આ મકાનોનું બાંધકામ અને સમયાંતરે કરવામાં આવેલી મરામત પણ ગામ પંચાયતના પ્રતિનિધિઓની હાજરીમાં જ થઈ હતી. નાગરિકો દ્રઢપણે માને છે કે તેમણે કોઈ



પણ પ્રકારનું ગેરકાયદેસર બાંધકામ કર્યું નથી. તેમ છતાં, વર્તમાન પરિસ્થિતિમાં કેટલાક વ્યક્તિઓ, જેમ કે ઉપેન્દ્રસિંહ પ્રવીણસિંહ ચૌહાણ, રાજકીય અદાવત રાખીને આ ગરીબ પરિવારોના ઘરો તોડવાના પ્રયાસો કરી રહ્યા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. આ આક્ષેપોએ સમગ્ર વિસ્તારમાં રોષ અને અસુરક્ષાની લાગણીને વધુ ઘેરી બનાવી છે. ધનોરા ગામના આ ગરીબ રહેવાસીઓનો અવાજ પ્રાંત અધિકારી સુધી પહોંચ્યો છે. તેમની મુખ્ય માંગણી એ છે કે, આ ગરીબ પરિવારોને કોઈપણ પ્રકારે હેરાન-પરેશાન કરવામાં ન આવે અને તેમના ઘરો તોડવાની કોઈપણ કાર્યવાહી તાત્કાલિક અસરથી અટકાવવામાં આવે.

### ધનીવાડાના બે મકાનમાં આગમાં બળીને ખાક થતાં આર્થિક સહાય



ક્વાંટ : આજરોજ ધનીવાડા મુકામે રાઠવા ભીલજીભાઈ તથા તેમના બે પુત્રોના મકાન માં આગ લાગવાથી ભારે નુકસાન થયેલ તે સ્થળને રૂબરૂ મુલાકાત કરી. તથા અધિકારીઓને રૂબરૂ બોલાવી સ્થળ નિરીક્ષણ કરી સરકારી સહાય માટેની ઘટતી કાર્યવાહી કરવા માં આવી તેમજ માજી કારોબારી અધ્યક્ષ પીન્ટુભાઈ રાઠવા દ્વારા ઘરવખરી નું સામાન લઈ આપી દુ:ખના સમયમાં પરિવારજનો ની મદદ કરી .

## મલાવીના હાઈ કમિશનરે પોરની મુલાકાત લીધી: EV વાહનો અંગે આશા વ્યક્ત કરી

'મેક ઇન ઇન્ડિયા' અને ગ્રીન મોબિલિટીની પ્રશંસા, મલાવી સરકાર સાથે MOU બાદ ઇલેક્ટ્રિક વાહનોના નિકાસનો માર્ગ બનશે સરળ : જયેશ ઠક્કર

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

રિપબ્લિક ઓફ મલાવીના હાઈ કમિશનર His Excellency લિયોનાર્ડ સેન્ઝા મેગેંઝીએ વડોદરા નજીક પોર ખાતે આવેલી મરક્યુરી ઈવી ટેકની વર્લ્ડ ક્લાસ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીની મુલાકાત લઈને કંપનીની અદ્યતન ટેકનોલોજી અને ઉત્પાદન ક્ષમતાની પ્રશંસા કરી હતી.



મુલાકાત દરમિયાન હાઈ કમિશનરે કંપની દ્વારા ઉત્પાદિત ઈલેક્ટ્રિક વાહનોની ગુણવત્તા, નવીનતા અને 'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ થઈ રહેલા કાર્યની સરાહના કરી હતી. તેમણે આવનારા સમયમાં મલાવીના રસ્તાઓ પર પણ મરક્યુરી ઈવી ટેકના ઈલેક્ટ્રિક વાહનો દોડતા જોવા મળે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ અને કંપનીના ચેરમેન જયેશ ઠક્કરના નેતૃત્વ હેઠળ મરક્યુરી ઈવી ટેક ઈલેક્ટ્રિક મોબિલિટી ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહી છે. BSE લિસ્ટેડ કંપની પોર ખાતે વિશાળ અને આધુનિક ઉત્પાદન એકમ ધરાવે છે, જ્યાં ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર લોડર તેમજ પેસેન્જર વાહનોનું ઉત્પાદન કરવામાં આવે છે. જયેશ ઠક્કરે જણાવ્યું હતું કે મલાવી સરકાર સાથે એમઓયુ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે અને આગામી સમયમાં કંપનીના ઈલેક્ટ્રિક વાહનો મલાવીમાં નિકાસ થશે. આ સિદ્ધિ માત્ર કંપની માટે જ નહીં પરંતુ ભારત અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝન માટે પણ ગૌરવની બાબત છે.

### કાલોલના શિક્ષક હોન્ડા સિટી કારમાં દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા

કાલોલઃ મહીસાગર જિલ્લાના લુણાવાડા ટાઉન પોલીસ મથકની હદમાં સાંઈ પેટ્રોલ પંપ પાસે ફરજ પરના પોલીસ કર્મચારીઓએ નશામાં ધૂત થઈ ગફલતભરી રીતે વૈભવી કાર ચલાવતા એક શિક્ષકની અટકાયત કરી છે.મળતી વિગત મુજબ, મૂળ લુણાવાડાના શામળાના વતની અને હાલ કાલોલ (પંચમહાલ) ખાતે રહેતા વિનોદકુમાર જેઠાલાલ અમીન (ઉં.વ. ૫૭), જેઓ વ્યવસાયે શિક્ષક છે કંડાચ ગામની પ્રાથમિક શાળામાં આસિસ્ટન્સ શિક્ષક તરીકે ફરજ બજાવતા અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘમાં હોદ્દો ધરાવે છે, તેઓ ગત બુધવારે રાત્રે પોતાની હોન્ડા સિટી કાર (GJ-01-RL-1505) લઈને નશાની હાલતમાં નીકળ્યા હતા.

## નસવાડી: અશ્વિન નદી કિનારે સ્મશાનના રસ્તે ભંગારના ખડકલા મુદ્દે તંત્ર એક્શનમાં

**દલિત-આદિવાસી** સમાજના સ્મશાન રસ્તે ગેરકાયદે કબજો થતાં સ્થાનિકોમાં ભારે આક્રોશ

(પ્રતિનિધિ) નસવાડી, તા.29

નસવાડી ખાતે અશ્વિન નદીના કિનારે આવેલ દલિત અને આદિવાસી સમાજના સ્મશાન ઘાટ જવાના મુખ્ય રસ્તા ઉપર ભંગાર ના એક વેપારી દ્વારા ભંગાર ના મોટા મોટા ઢગલા મારી દેવામાં આવતા ફરી એકવાર ભારે હોબાળો મચ્યો છે. મૃતદેહને અગ્નિસંસ્કાર કરવા માટે લઈ જવામાં લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે, જેને લઈ સ્થાનિકોમાં ભંગાર ના વેપારી સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે.



જ્યારે સ્થાનિક લોકો નો આક્ષેપ છે કે ભંગાર ના વેપારીએ સ્મશાન ઘાટ જવાના રસ્તા ઉપર ગેરકાયદેસર રીતે કબજો જમાવી દીધો છે. અને ભંગાર નો ઢગલો મારી દીધો છે.

જેની અગાઉ ગ્રામજનો એ નસવાડી તાલુકા મામલતદાર કચેરી માં રજૂઆત કરવામાં આવી હતી અને ત્યાર બાદ અધિકારીઓ એ ભંગાર ના વેપારી ને રસ્તો ખુલ્લો કરવા કડક સૂચનાઓ આપી હતી, છતાંય ભંગાર ના વેપારીએ કોઈ કાર્યવાહી ના કરતાં મામલો વધુ ગરમાયો હતો. જ્યારે ફરી નસવાડી તાલુકા મામલતદાર પોલીસ કાફલા સાથે ભંગાર ના ઢગલા છે ત્યાં આવ્યા હતા અને અધિકારીઓ એ સ્થળ નિરીક્ષણ કરીને ભંગાર વેપારીને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી કે, "બે દિવસની અંદર રસ્તો સંપૂર્ણ પણે ખુલ્લો નહીં કરવામાં આવે તો કડક કાનૂની કાર્યવાહી હાથ ધરાશે. દલિત અને આદિવાસી સમાજના લોકોમાં આ મામલે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, "સ્મશાન ઘાટ જેવા પવિત્ર અને સંવેદનશીલ સ્થળના રસ્તા પર અવરોધ ઉભો કરવો માનવતા વિરુદ્ધ કૃત્ય છે. મૃતદેહ લઈ જવામાં પણ મુશ્કેલી પડે તે શરમજનક બાબત છે.

### બોડેલી શાકમાર્કેટ અને અલીપુરા ચાર રસ્તા પરથી લારી-ગલ્લા અને પથારાવાળાના દબાણ સાફ

## બોડેલી નગરમાં નડતર રૂપ દબાણ હટાવતા ઈન્ચાર્જ મામલતદાર સહિત નગરપાલિકાની ટીમ

**વાહનચાલકો** અને રાહદારીઓની સુવિધા માટે આગામી સમયમાં પણ દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહેશે

(પ્રતિનિધિ) બોડેલી , તા.29

બોડેલી નગરમાં ટ્રાફિકને અડચણરૂપ બનતા દબાણો દૂર કરવા માટે બોડેલી ઈન્ચાર્જ મામલતદાર હિતેન્દ્ર ગોહિલના માર્ગદર્શન હેઠળ વિશેષ ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન દરમિયાન નગરપાલિકાના ચીફ ઓફિસર, સેવાસદન સ્ટાફ તેમજ મામલતદાર કચેરીની ટીમ દ્વારા સંયુક્ત



કાર્યવાહી કરવામાં આવી હતી. ડ્રાઈવ દરમિયાન બોડેલી નગરના મુખ્ય વિસ્તારોમાં આવેલા પથારાવાળા, લારી-ગલ્લાવાળા તેમજ દુકાનદારો દ્વારા કરવામાં આવેલા નડતરરૂપ દબાણો દૂર કરાવવામાં આવ્યા હતા. ટીમે દબાણકારોને તાત્કાલિક અસરથી રસ્તા અને જાહેર સ્થળો ખાલી કરવા સૂચના આપી કાર્યવાહી હાથ ધરી હતી.

**ધોમધખતી ગરમીમાં પથારાવાળાઓ પર તૂટ્યો આભ**

ગરીબ વર્ગના શાકભાજી વેચનાર લોકોને અચાનક હટાવી દેવામાં આવતા તેઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો ધકધકથી ગરમીમાં આ રીતના હટાવતા 40 વર્ષથી બેસતા પથારાવાડાઓને કોઈપણ જાતની જાણ કર્યા વિના હટાવી દેવાતા તેમની રોજી રોટી છીનવાઈ જેથી કરીને તેઓ પર જાણે આપ તુટ્યો હોવાનું જોવા મળ્યું વહેલી તકે તેમને નવું શાક માર્કેટ બનાવી આપવામાં આવે પછી ત્યાંથી હટાવવામાં આવે એવી માંગ ઉઠી છે.

ખાસ કરીને બોડેલી શાકમાર્કેટ, અલીપુરા ચાર રસ્તા સહિત નગરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક વ્યવસ્થા સુધારવા માટે દબાણ હટાવ કામગીરી કરવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન માર્ગો પર ઉભી થતી ટ્રાફિક સમસ્યામાં રાહત મળે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. નગરપાલિકાની ટીમે જણાવ્યું હતું કે જાહેર માર્ગો પર ગેરકાયદેસર દબાણોને કારણે વાહન વ્યવહાર તેમજ રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આગામી સમયમાં પણ આવી કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે તેવી સૂચના આપવામાં આવી છે.

## નસવાડીના કંડવા નજીક બે બાઈક વચ્ચે અકસ્માત, એક મોત

**પેટ્રોલ** પંપ પાસે બે મોટરસાયકલ સામસામે ભટકાયા: ગંભીર ઈજા પામેલા આશિષ ભીલે વડોદરાની સયાજી હોસ્પિટલમાં દમ તોડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

નસવાડી તાલુકાના કંડવા ગામ પાસે ગતરોજ બે મોટરસાયકલ વચ્ચે સર્જાયેલા એક માર્ગ અકસ્માતમાં એક 17 વર્ષના આશાસ્પદ સગીરે પોતાનો જીવ ગુમાવ્યો હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલી બે બાઈકો સામસામે ધડાકાભેર અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર રીતે ઘવાયેલા સગીરનું ટૂંકી સારવાર બાદ વડોદરાની સયાજી હોસ્પિટલમાં મોત નીપજતાં તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા વાઘિયા મહુડા ગામનો રહેવાસી 17 વર્ષીય સગીર ગતરોજ પોતાનું બાઈક લઈને કોઈ કામ અર્થે નીકળ્યો હતો. તે દરમિયાન નસવાડી તાલુકાના કંડવા ગામના પેટ્રોલ પંપ પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે સામેથી આવતી અન્ય એક મોટરસાયકલના ચાલકે તેને અડફેટે લીધો હતો.

બંને બાઈકની સ્પીડ વધારે હોવાના કારણે ટક્કર એટલી જોરદાર હતી કે બંને બાઈક ચાલકો રોડ પર ફંગોળાયા હતા. આ અકસ્માતમાં 17 વર્ષીય સગીર વયના યુવાનને માથાના તેમજ શરીરના અન્ય ભાગો પર ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે અન્ય બાઈક ચાલકને પણ નાની-મોટી ઈજાઓ થવા પામી હતી.

અકસ્માત થતાં જ આસપાસના સ્થાનિક લોકો અને પેટ્રોલ પંપના કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં પડેલા સગીરને તાબડતોબ નસવાડીના સરકારી આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે, તેની હાલત અત્યંત નાજુક જણાતાં ફરજ પરના તબીબોએ તેને વધુ સઘન સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રિફર કર્યો હતો. જ્યાં જિંદગી અને મરણ વચ્ચેની જંગ લડતા આખરે સગીરે ટૂંકી સારવાર દરમિયાન પોતાના અંતિમ શ્વાસ લીધા હતા અને દમ તોડી દીધો હતો.